# જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અરવલ્લી.

## (સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત)

સરનામું- બોયઝ હોસ્ટલ બ્લોક -સી ઇન્કમટેક્ષ ઓફીસની બાજુમાં ભેરૂન્ડા રોડ મોડાસા
ઈ-મેઈલ એડ્રસ :- dsdo-aravalli@gujarat.gov.in ઓફિસ કોન્ટેક્ટ નંબર- ૦૨૭૭૪-૨૪૯૭૯૬

૨૦૩૫ ઘ

જા.વ નં-જિ.ર.પ્ર.કે.અ./રાજ્યકક્ષા હોકી/૨૦૨૫-૨૬/૨૦૪૭
તા. ૨૮/૦૧/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, તમામ
જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય

વિષય :- ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની હોકી અં. ૧૪ ૧૭ ઓપન એજ બહેનો સ્પર્ધાના કાર્યક્રમ બાબત

સંદર્ભ :- માન. ડાયરેકટર જનરલશ્રી,સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના ક્રમાંક:એસ.એ.જી/ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૭ થી ૪૭૫૫૨, તા. ૨૪/૧૨/૨૦૨૫ ના પત્ર અન્વયે.

માન સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે લખી જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા પ્રેરિત જિલ્લા રમત વિકાસ અધિકારી અને જિલ્લા રમત ગમત અધિકારી અરવલ્લી દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની હોકી બહેનો માટેની સ્પર્ધાનું આયોજન DLSS શ્રી જે.બી. શાહ, ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, કોલેજ કેમ્પસ, ધનસુરા રોડ, મોડાસા, જિ.અરવલ્લી ખાતે કરવામાં આવનાર છે. સદર રાજયકક્ષાની સ્પર્ધામાં દરેક ઝોનમાંથી પ્રથમ અને દ્વિતીય નંબરે વિજેતા થયેલ ટીમ મોકલવાની રહેશે. હોકી અં-૧૪, અં-૧૭ અને ઓપન એજ ગૃપ બહેનોની સ્પર્ધા ઝોનકક્ષાનાં આયોજકશ્રીએ વિજેતા ટીમના પ્રવેશ પત્રો અને એલીજીબીલીટી ફોર્મ સત્વરે તા. ૦૨-૦૨-૨૦૨૬ સુધી dsdo-aravalli@gujarat.gov.in/ dso-sycd-arvl@gujarat.gov.in ઉપર ઈ-મેઈલથી મોકલી આપવા તેમજ ખેલાડીઓ/ વિજેતા જિલ્લાને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી છે.

:: રાજયકક્ષા અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન એજગૃપ વયજુથ બહેનોની હોકી સ્પર્ધા કાર્યક્રમ ::

| ક્રમ | વયજુથ | રીપોર્ટીંગ તારીખ અને સમય | સ્પર્ધા તારીખ | રીપોર્ટીંગ સ્થળ | સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૭ | તા.૦૩/૦૨/૨૦૨૬<br>સાંજે ૦૫ : ૦૦ કલાકે | તા.૦૪/૦૨/૨૦૨૬<br>સવારે ૦૭ : ૦૦ કલાક થી શરૂ | જીનીયસ સ્કુલ, માલપુર રોડ મોડાસા, જિ.અરવલ્લી | શ્રી.જે.બી.ઈ.મી.સ્કૂલ DLSS હોકી ગ્રાઉન્ડ ધનસુરા રોડ મોડાસા જિ.અરવલ્લી |
| ૨ | ઓપન એજ ગૃપ | તા.૦૭/૦૨/૨૦૨૬<br>સાંજે ૦૫ : ૦૦ કલાકે | તા.૦૮/૦૨/૨૦૨૬<br>સવારે ૦૭ : ૦૦ કલાક થી શરૂ | | |
| ૩ | અંડર-૧૪ | તા.૧૨/૦૨/૨૦૨૬<br>સાંજે ૦૫ : ૦૦ કલાકે | તા.૧૩/૦૨/૨૦૨૬<br>સવારે ૦૭ : ૦૦ કલાક થી શરૂ | | |

- સ્પર્ધા કન્વીનર :- શ્રી પ્રકાશભાઇ કટારા – ૯૭૭૩૦૮૩૦૪૪
- સંપર્ક નંબર :- (૧) શ્રી દેવેન્દ્રભાઈ આર લેઉઆ – ૯૮૨૫૩૧૩૩૫૧ (નિવાસ માટે)
  (૨) શ્રી શૈલેષસિંહ એલ ચૌહાણ – ૯૫૩૭૪૫૦૦૮૪

જરૂરી સૂચના

Scanned with CamScanner

* દરેક ઝોનકક્ષાના આયોજકશ્રીઓ આપના ઝોનમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓના એલીજીબીટી ફોર્મ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી-સિક્કા સાથેના મોકલી આપવાના/લાવવાના રહેશે.
* જે સ્પર્ધકનું ઓનલાઇન રજીસ્ટ્રેશન કરેલ હશે. અને તેનું નામ એન્ટ્રીમાં દર્શાવેલ હશે તેને જ ભાગ લેવા દેવામાં આવશે.
* જે તારીખ જે વયગ્રુપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
* રીપોર્ટીંગ સ્થળે દર્શાવેલ તારીખ અને સમયે મુજબ કરવાનું રહેશે.
* સ્પર્ધા સ્થળે શિસ્તબદ્ધ રીતે વર્તવાનું રહેશે. અશિસ્ત કરનાર વ્યક્તિ કે ટીમ ને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે.
* નિવાસ સ્થળે નિયત ડિપોઝિટ જમા કરાવવાની રહેશે. સ્પર્ધા પૂર્ણ થઈ જરૂરી ચીજવસ્તુ ઓ જમા કરાવ્યા બાદ ડિપોઝીટ પરત કરવામાં આવશે.
* સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઇપણ પ્રકારનું નુકસાન કરવામાં આવશે તો તે નુકશાની પુરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઇ કરવાની રહેશે.
* ઋતુ અનુસાર ઓઢવાનું પોતાની સાથે લાવવાનું રહેશે તેમજ ખેલાડીઓએ કિંમતી સામાન સાથે રાખવો નહીં અન્યથા જવાબદારી તેની પોતાની રહેશે.
* આ સ્પર્ધા હોકી રમતના નિયમ પ્રમાણે રમાડવામાં આવશે.
* રાજ્યકક્ષાની સ્પર્ધા લીગ કમ નોકઆઉટ પધ્ધતિથી રમાડવામાં આવશે.
* સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજીયાત છે
* ખેલાડીઓ કોઈ પણ એક વયજૂથમાં ભાગ લઇ શકશે.
* પોતાની સ્પર્ધા પૂર્ણ થયેથી તાત્કાલિક સ્પર્ધા સ્થળે થી પરત ફરવાનું રહેશે.
* ભાગ લેનાર ખેલાડીએ ફરજિયાત જન્મ તારીખના આધારપુરાવા સાથે લાવવાના રહેશે.
* કોચ અને મેનેજર સિવાય ખેલાડીઓ સાથે આવનાર વાલી કે શિક્ષકને કોઈ પણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી
* આપના જિલ્લામાંથી આવનારા ખેલાડી, મેનેજરશ્રી અથવા કોચ શ્રીએ ફરજિયાત બસ, ટ્રેન અથવા સરકારી વાહનમાં મુસાફરી કરી ને જ સ્પર્ધા સ્થળે પહોંચવાનું રહેશે. અન્યથા આયોજક તરફ થી પ્રવાસ ખર્ચ આપવામાં આવશે નહિ.
* જેતે જિલ્લાના ટીમનું ભાડું મેનેજરશ્રીના ખાતામાં NEFT/R.T.G.S દ્વારા આપવામાં આવશે તેથી મેનેજરશ્રીએ બેંકની પાસબુકની ઝેરોક્ષ અને ભાડાની ટીકીટ આપવાની રહેશે
* ખેલ મહાકુંભ-૨૦૨૫ના પરિપત્રમાં દર્શાવ્યા મુજબના નિયમો ધ્યાને લેવાના રહેશે.

નોંધ :- ખેલાડીઓને રીપોર્ટીંગ કર્યા બાદ નિવાસ ફાળવવામાં આવશે.

B.M.Oza

જિલ્લા રમત વિકાસ અધિકારી
અરવલ્લી

જિલ્લા રમતગમત અધિકારી
અરવલ્લી

નકલ સવિનય રવાના :-

(૧) માન. અગ્રસચિવશ્રી, રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
(૨) માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ગુજરાત, ગાંધીનગર
(૩) માન. જિલ્લા કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, અરવલ્લી
(૪) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અરવલ્લી
(૫) માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી
(૬) માન. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ગુજરાત, ગાંધીનગર
(૭) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અરવલ્લી

Scanned with CamScanner

(૮) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અરવલ્લી

(૯) માન. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,અરવલ્લી (સ્પર્ધાસ્થળે મેડીકલ ટીમ તથા ૧૦૮ એમ્બ્યુલન્સ હાજર રાખવા બાબત)

(૧૦) માન. આસિસ્ટન્ટ ડાયરેકટરશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ગુજરાત, ગાંધીનગર

(૧૧) માન. આસિસ્ટન્ટ ડાયરેકટરશ્રી (ફાયનાન્સ), સ્પોર્ટ્સ ઓથોરીટી ગુજરાત, ગાંધીનગર

(૧૨) માન. નાયબ માહિતી નિયામકશ્રી, અરવલ્લી ( વર્તમાન પત્રમાં સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.)

(૧૩) માન. પ્રમુખશ્રી/મંત્રીશ્રી ગુજરાત રાજ્ય હોકી એસોસિયેશન

Scanned with CamScanner